# માંડવી નગરમાં ૭૪ દુકાન તોડી પડાશે

**જૂનું** ભવન જર્જરિત અવસ્થામાં હોવાથી તોડીને શોપિંગ સેન્ટર બનાવવા નગર પાલિકાનો નિર્ણય



હિતેશ પટેલ

માંડવીઃ માંડવી નગરમાં નગરપાલિકાનું જૂનું ભવન જર્જરિત અવસ્થામાં હોવાથી તેને તોડીને નવું અત્યાધુનિક શોપિંગ સેન્ટર બનાવવાનો મહત્ત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટ અંતર્ગત જૂના ભવનની નીચે આવેલી દુકાનો સહિત આસપાસની અંદાજે ૭૪ જેટલી દુકાનો તોડીને ત્યાં ૮૦ જેટલી આધુનિક દુકાનોનું નિર્માણ કરવામાં આવશે. આ અંગે માંડવી નગરપાલિકા ખાતે હાલમાં આ દુકાનોમાં વેપાર કરતા વેપારીઓ સાથે એક વિશેષ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

બેઠકમાં નગરપાલિકા દ્વારા વેપારીઓને નવા શોપિંગ સેન્ટરના આયોજન વિશે વિસ્તૃત માહિતી આપતા જણાવવામાં આવ્યું હતું કે, નવા શોપિંગ સેન્ટરમાં વિશાળ પાર્કિંગ ક્ષમતા, પહોળા અને અવરજવર માટે અનુકૂળ રસ્તાઓ, સ્વચ્છ શૌચાલય તેમજ પીવાના પાણી જેવી આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે. તંત્ર દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે હાલ જે વેપારીઓના નામે દુકાનો ચાલે છે, તેમને જ નવી યોજનામાં તે જ સ્થળે અગ્રતાના ધોરણે દુકાનો ફાળવવામાં આવશે, જેના માટે દુકાનની અંદાજિત કિંમતના આશરે ૨૦ ટકા જેટલી રકમ ડિપોઝિટ પેટે નગરપાલિકામાં જમા કરાવવાની રહેશે.

આ બેઠક દરમિયાન મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલા વેપારીઓએ માંડવીના બજારની વર્તમાન સ્થિતિ અને ઘટી રહેલા વેપાર અંગે ઊંડી ચિંતા વ્યક્ત કરી હતી. વેપારીઓએ રજૂઆત કરતા જણાવ્યું હતું કે હાલમાં માંડવીમાં બે અલગ-અલગ બજારો કાર્યરત હોવાથી ગ્રાહકો અને વેપાર વહેંચાઈ રહ્યા છે, જેથી બંને બજારોને સંયુક્ત રીતે વિકસાવવા યોગ્ય આયોજન કરવું જરૂરી છે. આ ઉપરાંત માંડવીની આસપાસ આશરે ૧૦ કિલોમીટરની ત્રિજ્યામાં વિવિધ સ્થળોએ સાપ્તાહિક હાટ બજારો ભરાતા હોવાથી મુખ્ય બજારના વેપાર પર વિપરિત અસર પડી રહી છે. સાથે જ વાસુપૂજ્ય સોસાયટીના રહીશો દ્વારા રસ્તા પર વાહન પાર્કિંગ કરવા સામે જવાબદારી અને વાહનોને નુકસાન થવાની સ્થિતિમાં માલિકની જવાબદારી દર્શાવતાં બોર્ડ લગાવાયા હોવાથી વેપારીઓ અને ગ્રાહકો મુશ્કેલી અનુભવી રહ્યા હોવાનો મુદ્દો પણ ઉઠાવવામાં આવ્યો હતો.

આ મહત્ત્વપૂર્ણ બેઠકમાં નગરપાલિકાનાં પ્રમુખ અભિષાબેન રાઠોડ, ઉપપ્રમુખ પ્રવીણસિંહ અટોદરિયા, કારોબારી અધ્યક્ષ સુનીલ રબારી, ચીફ ઓફિસર સહિત અન્ય ચુંટાયેલા પદાધિકારીઓ અને મોટી સંખ્યામાં પ્રભાવિત વેપારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

### મંજૂરીઓ મેળવવાની પ્રક્રિયામાં સમય લાગી શકે છે

નગરપાલિકા સૂત્રોના જણાવ્યા અનુસાર આ પ્રોજેક્ટ હાલ વિચારણા હેઠળ છે અને જરૂરી સરકારી મંજૂરીઓ મેળવવાની પ્રક્રિયામાં અંદાજે ૩થી ૪ મહિનાનો સમય લાગી શકે છે. મંજૂરી મળ્યા બાદ તુરંત જ જૂનું ભવન અને દુકાનો તોડીને નવા શોપિંગ સેન્ટરના નિર્માણની કામગીરી આરંભવામાં આવશે.

## અંદાડામાં બાઈકની ટક્કરથી મહિલા સહિત બેને ઈજા

અંકલેશ્વરઃ અંકલેશ્વરના અંદાડા ગામમાં કૈલાસ ટેકરી નજીક માર્ગ પરથી પસાર થઈ રહેલી મહિલાને પૂરપાટ ઝડપે આવી રહેલા બાઈકચાલકે ટક્કર મારતાં અકસ્માત સર્જાયો હતો. અંકલેશ્વરના અંદાડા ગામના કૈલાસ ટેકરી નજીકના માર્ગ પરથી એક મહિલા પસાર થઈ રહી હતી. દરમિયાન પૂરપાટ ઝડપે આવી રહેલા બાઈકચાલકે મહિલાને અડફેટે લેતાં અકસ્માત સર્જાયો હતો. અકસ્માતને પગલે મહિલા ગંભીર રીતે ઈજાગ્રસ્ત થઈ હતી, જ્યારે બાઈકચાલકને પણ ઈજા પહોંચી હતી. ઘટનાની જાણ થતા જ સ્થાનિક લોકો મદદ માટે ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને ઈજાગ્રસ્તોને સારવાર અર્થે ખસેડવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. બીજી તરફ અકસ્માતને પગલે માર્ગ પર ટ્રાફિકજામની સ્થિતિ સર્જાતાં વાહનચાલકોને પણ હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.

## વાલોડ પંથકમાં નવી ટાંકીનું કનેક્શન ન અપાતાં આક્રોશ

**લોકોએ** મામલતદાર કચેરીનાં દ્વાર ખખડાવ્યાં

વાલોડઃ વાલોડ તાલુકામાં પાણીનો કકળાટ સર્જાતા લોકોએ મામલતદાર કચેરીનાં દ્વાર ખખડાવવાની નોબત આવી છે. જૂની ટાંકી દ્વારા સમગ્ર ગામને જે પૂરતા પ્રમાણમાં પાણી પહોંચતું હતું તે ટાંકી તોડી નાંખવામાં આવતાં સમસ્યા સર્જાઇ હોવાનું લોકો જણાવી રહ્યા છે. ત્યારે નવી ટાંકીની લાઇન જૂની લાઇનમાં જોડી કનેક્શન કરવાની માંગ કરવામાં આવી છે.

વાલોડ ગ્રામ પંચાયતના સભ્ય સૈયબઅહમદ નજીરઅહમદ શેખ દ્વારા વાલોડ મામલતદારને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. જેમાં ગામના સ્થાનિકોને પાણીની સમસ્યા અંગે રજૂઆત કરવામાં આવી છે. સરકારની યોજનામાંથી આખા ગામમાં પીવાના પાણીની લાઇન અને ટાંકીઓ તેમજ સંપ બનાવવાનું મંજૂર કરવામાં આવ્યું હતું. તે કામ માટે એજન્સીને કામ સોંપવામાં આવ્યું હોય અને તે કામ 18 માસમાં પૂર્ણ કરવાની બાંયધરી આપવામાં આવી હતી. પરંતુ ગ્રામજનો પાણી માટે કાગડોળે વાત જોઈ રહ્યા છે અને એ વાતને આજે બે વર્ષથી વધુ સમય વીતવા છતાં કામગીરી અધૂરી હોવાથી લોકો મુશ્કેલીમાં મુકાયા છે. મુખ્ય વાત તો એ છે કે વાલોડ ગ્રામ પંચાયતમાં મેઈન વોટર વર્કસ ઉપરની ટાંકી કે જેનાથી આખા ગામમાં પાણી પુરવઠો પૂરો પાડવામાં આવતો હતો, તે ટાંકી તોડી પાડવામાં આવી હતી. તેની જગ્યાએ નવી ટાંકી બનાવવામાં આવી છે. જેથી કાકરાપાર બલ્બમાંથી જે પાણી આવે છે તે સીધું જ ગામમાં આપવામાં આવે છે.

## સંક્ષિપ્ત સમાચાર

### પીપોદરા જીઆઈડીસીમાં જાણ વિના મકાન ભાડે આપનારા પાંચ માલિક સામે કાર્યવાહી

હથોડાઃ પીપોદરા જીઆઇડીસીમાં મકાનો ભાડે આપી ભાડૂતોની વિગત નજીકના પાલોદ પોલીસ મથકમાં નહીં આપનાર પાંચ જણા સામે સુરત જિલ્લા એસઓજી પોલીસે સુરત જિલ્લા કલેક્ટરના જાહેરનામાનો ભંગ કરવા બદલ કાર્યવાહી કરી હતી. સુરત જિલ્લા પોલીસ કર્મચારી ગીરીરાજસિંહ અશોકસિંહ ગોહિલ તેમજ પોલીસ સ્ટાફે પીપોદરા જીઆઇડીસી વિસ્તારમાં કામગીરી હાથ ધરી તપાસ કરતાં પીપોદરા ડાભરીયા રોડ ખાતે ભાડા કરાર કર્યા વિના ભાડેથી મકાન આપનાર મુનીર સલીમ બક્ષ મન્સુરી, પીપોદરા જીઆઇડીસીમાં મકાન ભાડે આપનાર કનૈયાલાલ કાલુ પ્રસાદ ગોડ, સંજય રામચંદ્ર ગોડ, ધનંજય રામધની ગોડ અને મહેન્દ્રભાઈ જયશંકર વ્યાસની સામે એસઓજી પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી. રૂપિયા કમાવવાની લાલચે મકાન અને રૂમ ભાડે આપી ભાડુતના બાયોડેટા નજીકના પોલીસમથકે જમા નહીં કરાવનારાની સામે એસઓજીએ કાર્યવાહી કરતાં અન્ય મકાન માલિકોમાં ફફડાટ વ્યાપી ગયો હતો.

### ભરૂચમાં શિવાજી મહારાજની પ્રતિમાનું અનાવરણ



ભરૂચઃ ભરૂચ શહેરના વોર્ડ નંબર-9માં આવેલા બંબાખાના સર્કલનું રૂ.22 લાખના ખર્ચે નવું નિર્માણ કરવામાં આવ્યું છે. દહેજની ગુજરાત ફ્લોરોકેમિકલ્સ લિમિટેડ (GFL) અને ભરૂચ નગરપાલિકાના સહયોગથી આ કામગીરી પૂર્ણ કરાઈ છે. ગુરુવારે ભરૂચના ધારાસભ્ય રમેશ મિસ્ત્રીના હસ્તે નવનિર્મિત સર્કલનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સર્કલ ખાતે છત્રપતિ શિવાજી મહારાજની પ્રતિમાનું પણ અનાવરણ કરાયું હતું. GFL કંપની દ્વારા સર્કલના આધુનિકીકરણ અને પ્રતિમા સ્થાપનની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. લોકાર્પણ સમારોહમાં જિલ્લા કલેક્ટર ડો.નવનાથ ગવહાણે, DDO યોગેશ કાપસે, નગરપાલિકા પ્રમુખ દેવેન્દ્રસિંહ વસાવા અને GFL કંપનીના રીજનલ HR હેડ ડો.સુનીલ ભટ્ટ સહિત અનેક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### વાંકલ સરકારી વિજ્ઞાન કોલેજ ખાતે કાર્યક્રમ



વિનોદ મૈસુરીયા

વાંકલઃ વાંકલ સરકારી વિજ્ઞાન કોલેજ ખાતે કોલેજના આચાર્ય ડો.સૂર્યસિંગ એ. વસાવાના માર્ગદર્શન હેઠળ યુવાનોમાં નશીલા પદાર્થો અને તેના ગંભીર પરિણામો વિશે જાગૃતિ લાવવાના ઉદ્દેશથી સુરત ગ્રામ્ય પોલીસની એન્ટી નાર્કોટિક વિંગ દ્વારા "Drugs Awareness Program"નું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રેરણાદાયી અને માહિતીસભર કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે સુરત ગ્રામ્યના પોલીસ અધિક્ષક રાજેશ ગઢીયા સાહેબ તથા માંગરોળ વિભાગના નાયબ પોલીસ અધિક્ષક બી.કે.વનાર, અધ્યાપકગણ, કર્મચારીઓ તેમજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

### વાવ પાસે દારૂ ભરેલી પિકઅપ ઝડપાઈ

કામરેજઃ સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમ પેટ્રોલિંગમાં હતી. દરમિયાન બાતમી મળી હતી કે દમણથી બોલેરો પિકઅપ નં.(એમએચ 41 એયુ 4912)માં વિદેશી દારૂનો જથ્થો ભરીને કીમ તરફ જઈ રહી છે. જે બાતમીના આધારે કામરેજના વાવની હદમાં મુંબઈ અમદાવાદ નેશનલ હાઈવે નં.48 પર બાતમી વાળી બોલેરો પિકઅપને પકડી ડ્રાઈવર અભિજીત ગજાનંદ ઢગે (ઉં.વ.25) (રહે.,બોદે, તા.દારવા, જિ.દેવતમાલ, મહારાષ્ટ્ર)ને સાથે રાખી પાછળ તપાસ કરતાં વિદેશી દારૂ તેમજ બિયરનો જથ્થો મળી આવ્યો હતો. જેમાં વિદેશી દારૂ તેમજ બિયરની કુલ બોટલ નંગ 5280 કિંમત રૂ.21,85,200નો જથ્થો પકડાયો હતો. બાદ ડ્રાઈવરની પૂછપરછ કરતાં ગામનો સચિન ગોવિંદરાવ ઠાકરે જે હાલ દમણ ખાતે રહેતો હોઈ જેના ત્યાં ડ્રાઈવર તરીકે નોકરી પર રહ્યો હતો. આ સચિન અને ચીનુ સુરત દારૂ પહોંચાડતો હોવાનું જણાવ્યું હતું. સચિને સફેદ રંગની સ્કોપિયો કારમાં પિકઅપની આગળ અને પાછળ પાયલોટિંગ મોકલી હતી. આ દારૂ સાયણનો બુટલેગર વિજય બાબુ પટેલને આપવાનો હોવાનું જણાવતાં પોલીસે દારૂ, પિકઅપ, મોબાઈલ મળી કુલ રૂ.26,90,200નો મુદામાલ કબજે કરી સ્કોપિયો કારમાં પાયલોટિંગ કરનાર ઈસમ, સચિન, ચીનુ, વિજયને વોન્ટેડ જાહેર કરી આગળની તપાસ કડોદરા જી.આઈ.ડી.સી. પોલીસે તપાસ હાથ ધરી છે.

## અરેઠમાં જંગલી ભૂંડોના ત્રાસથી રવિ પાક સદંતર બરબાદ

**તુવેર**, જુવાર અને શાકભાજીના પાક પર ભૂંડોનું આક્રમણ



હિતેશ પટેલ

માંડવીઃ માંડવી તાલુકાના અરેઠ ગામમાં વન વિભાગ અને વહીવટી તંત્રની ઘોર બેદરકારીના કારણે અન્નદાતાઓ હાલાકી ભોગવી રહ્યા છે. ગામમાં જંગલી ભૂંડોએ ભારે આતંક મચાવ્યો છે, જેના કારણે ખેડૂતોના મોઢે આવેલો કોળિયો છીનવાઈ ગયો છે. શિયાળુ સિઝનમાં કાળઝાળ મહેનત અને જમીન-પાણી પાઈને તૈયાર કરેલા તુવેર, જુવાર અને શાકભાજીના ઊભા પાકને આ જંગલી ભૂંડોના ઝુંડ જમીનદોસ્ત કરી રહ્યા છે.

એક તરફ ખેડૂત દિવસ-રાત પરસેવો પાડીને અન્ન ઉપજાવે છે, તો બીજી તરફ વન વિભાગની પોકળ વાતો અને ફોગટની નિષ્ક્રિયતાને કારણે ખેતરોનો નાશ થઈ રહ્યો છે. કડકડતી ઠંડીની રાતોમાં પણ ખેડૂતો પોતાના એકમાત્ર કમાણીના સ્ત્રોત સમાન પાકને બચાવવા માટે લાકડીઓ અને સાધનો લઈ ખેતરોમાં ઉજાગરા કરવા મજબૂર બન્યા છે.

તંત્રની કુંભકર્ણી નિદ્રા ઉઘડતી નથી અને ખેડૂતો રાતભર જાગીને પહેરો ભરી રહ્યા છે, જે સરકાર અને વહીવટી તંત્રની સંવેદનહીનતાની પરાકાષ્ઠા સાબિત કરે છે.

અરેઠ ગામના રોષે ભરાયેલા ખેડૂતોએ સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી છે કે જો વહેલી તકે આ જંગલી ભૂંડોના ત્રાસથી છુટકારો અપાવવા માટે નક્કર પગલાં નહીં ભરવામાં આવે, તો ખેડૂતો પાયમાલ થઈ જશે.

વન વિભાગ અને સ્થાનિક વહીવટી તંત્ર તાત્કાલિક ધોરણે ખેતરોની સ્થળ તપાસ કરે, ભૂંડોના ત્રાસથી મુક્તિ અપાવે તેમજ પાક નુકસાનનો સરવે કરી પીડિત ખેડૂતોને યોગ્ય અને પૂરેપૂરું આર્થિક વળતર ચૂકવે તેવી પ્રબળ અને ઉગ્ર માંગ કરવામાં આવી છે.

## પીવાના ઈરાદે મોંઘો દારૂ લાવ્યો, પણ ભરૂચ રેલવે પોલીસે પકડી લીધો

ભરૂચઃ શુક્રવારે સવારે વાગ્યાના સુમારે ખાનદા-કાનપુર એક્સપ્રેસ ટ્રેન ભરૂચ રેલવે સ્ટેશન પ્લેટફોર્મ નં.૩ પર આવી ઊભી હતી. તે સમયે પોલીસ કર્મચારીઓએ પ્લેટફોર્મ પર એક શખ્સને શંકાસ્પદ હાલતમાં ઊભેલો જોયો હતો. તેના હાથમાં એક કાળા રંગની પ્લાસ્ટિકની થેલી હતી. શંકાને આધારે ઝડપી પાડેલા આ શખ્સની અંગ ઝડપી લેતાં તેની પાસેથી બે વિદેશી દારૂની (જીમ બીમ એપલ લીકર બ્રાંડ) બોટલો મળી આવી હતી.

પકડાયેલા આરોપીની ઓળખ પ્રવીણભાઈ જશુભાઈ જાબુ (ઉં.વ.૫૦) (રહે.,મારુતિનગર, અંદાડા, અંકલેશ્વર) તરીકે થઈ છે. પોલીસે પોતાના માટે પીવા લવાયેલો રૂ.૯,૫૭૦નો વિદેશી દારૂ જપ્ત કર્યો હતો.

## તાતીથૈયાની 'અનંતમ ફેબ્રિક'માં તસ્કરો ત્રાટક્યા

**બારીના** કાચ તોડી ઓફિસમાંથી તસ્કરો હાથફેરો કરી ગયા

પલસાણાઃ પલસાણાના તાતીથૈયા સ્થિત ગોકુલ ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટમાં આવેલી 'અનંતમ ફેબ્રિક'ને તસ્કરોએ નિશાન બનાવી એકાઉન્ટ ઓફિસના ટેબલના ગલ્લામાંથી રોકડા ૧,૫૦,૦૦૦ની ચોરી કરી પલાયન થઈ ગયા હતા. સમગ્ર મામલે કડોદરા જીઆઈડીસી પોલીસ મથકે અજાણ્યા ચોર ઈસમ વિરુદ્ધ ચોરીનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

મળતી વિગતો અનુસાર સુરતના ઉમરીગર સ્કૂલ પાસે બ્રિજવાસી એસ્ટેટમાં રહેતા મૂળ બિહારના વતની રીશવ સુનિલભાઈ સુરેકા (ઉં.વ.૩૨) પોતાના ભાગીદાર અનિરુદ્ધ રાજીવ અગ્રવાલ સાથે મળી તાતીથૈયા ખાતે ગોકુલ ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટના પ્લોટ નં. ૯-૧૨માં 'અનંતમ ફેબ્રિક' નામની ફેક્ટરી ચલાવે છે. ગત તા.૨૧મી ઓક્ટોબરે સાંજે ફેક્ટરી વિસ્તારમાં વીજ પુરવઠો ખોરવાઈ ગયો હોવાથી કામકાજ બંધ કરી સંચાલકો સાંજના સાતેક વાગ્યે કંપનીને તાળું મારી ઘરે ગયા હતા.

દરમિયાન બીજા દિવસે સવારે કંપનીના મેનેજર રામઅવતારે ફોન કરી જાણ કરી હતી કે ઓફિસના કાચ તૂટેલા છે અને સામાન વેરવિખેર હાલતમાં પડ્યો છે. જેથી સંચાલકો તાબડતોબ ફેક્ટરીએ દોડી આવ્યા હતા. તપાસ કરતા જાણવા મળ્યું હતું કે કોઈ અજાણ્યો તસ્કર રાત્રિ દરમિયાન પહેલા માળે આવેલી બારી વાટે અંદર પ્રવેશ્યો હતો. ચોરે સેમ્પલ ઓફિસ, સ્પેરપાર્ટ ઓફિસ તેમજ એકાઉન્ટ ઓફિસના કાચ તોડી અંદર પ્રવેશી એકાઉન્ટ ઓફિસના ટેબલના લોક તોડી નાંખ્યા હતા અને અંદર મૂકેલા રોકડા ૧,૫૦,૦૦૦ની ચોરી કરી નાસી છૂટ્યો હતો.

## હરિપુરામાં સોફ્ટવેર કેસની ધમકી આપી તોડ કરનારી ટોળકી ઝડપાઈ

**વીલકોમ** કંપનીના કર્મચારી જીતેન્દ્ર ભટ્ટ, પીયૂષ અને ડ્રાઇવર રફીકે કેસ ન કરવા પેટે ૫૦-૫૦ હજાર પડાવ્યા

પલસાણાઃ પલસાણાના હરિપુરા ગામ ખાતે આવેલી ઈન્ડસ્ટ્રિઝમાં કોમ્પ્યુટરમાં સોફ્ટવેર હોવાનું કહી કાર્યવાહીની ધમકી આપી બે વેપારી પાસેથી બળજબરીપૂર્વક રૂ.૧ લાખ પડાવી લેવાનો સનસનીખેજ મામલો સામે આવ્યો છે. આ મામલે વેપારીઓએ તોડબાજ ત્રિપુટીને ઝડપી પાડી કડોદરા પોલીસના હવાલે કરતાં પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

મૂળ સાવરકુંડલાના વતની અને હાલ સુરતના કાપોદ્રા, એલ.એચ. રોડ સ્થિત સાગર સોસાયટીમાં રહેતા મહેશભાઈ રમેશભાઈ સોજીત્રા પલસાણાના હરિપુરા ગામે શ્રી હરિ ઈન્ડસ્ટ્રિઝમાં ખાતા નં.૨૦ પર 'અંબાલક્ષ્મી આર્ટ' નામે કંપની ચલાવે છે. ગત તા.૨૨/૧૦/૨૦૨૬ના રોજ બપોરે ૧ વાગ્યાના સુમારે તેમની ઓફિસમાં વીલકોમ (Wilcom) કંપનીના કર્મચારી તરીકે ઓળખ આપી જીતેન્દ્ર ભટ્ટ, પીયૂષભાઈ તથા તેમનો ડ્રાઈવર રફીકભાઈ આવ્યા હતા. તેઓએ મહેશભાઈની ઓફિસનાં કોમ્પ્યુટરો તપાસતાં બે સિસ્ટમમાંથી વીલકોમ સોફ્ટવેર મળી આવ્યાનું જણાવ્યું હતું. મહેશભાઈએ સ્પષ્ટતા કરી હતી કે તેઓ 'એમ કાર્ડ' સોફ્ટવેર વાપરે છે અને વીલકોમ સોફ્ટવેરનો ઉપયોગ કરતા નથી. આમ છતાં, જીતેન્દ્ર ભટ્ટે 'સોફ્ટવેર ખરીદવું પડશે નહીંતર તમારા વિરુદ્ધ કેસ થશે' તેમ કહી ડરાવ્યા હતા. અંતે કેસ ન કરવા અને સેટલમેન્ટ કરવા માટે રૂ.૫૦,૦૦૦ની માંગણી કરી હતી.

આ જ બિલ્ડિંગમાં નીચે 'સાંજ ફેશન' ચલાવતા વેપારી કેતનભાઈ દેવરાજભાઈ સુતરીયાનાં બે કોમ્પ્યુટરમાંથી પણ વીલકોમની ફાઈલ મળી આવી હોવાનું જણાવી તેમના પર પણ કેસ કરવાની ધમકી આપવામાં આવી હતી અને તેમની પાસેથી પણ રૂ.૫૦,૦૦૦ની માંગ કરાઈ હતી. ત્યારબાદ આરોપીઓએ કંપનીથી થોડે દૂર જઈ રૂપિયા લેવાનું નક્કી કર્યું હતું. સાડા ચારેક વાગ્યાના અરસામાં હરિપુરાથી નેશનલ હાઈવે નં.૪૮ તરફ જવાના માર્ગ પર આ ત્રિપુટીએ મહેશભાઈ અને કેતનભાઈ પાસેથી રૂ.૫૦-૫૦ હજાર ભરેલાં બે કવર મળી કુલ રૂ.૧,૦૦,૦૦૦ બળજબરીપૂર્વક કઢાવી લીધા હતા. તોડબાજો રૂપિયા લઈ લીધા બાદ બંને વેપારી તથા અન્ય કર્મચારીઓએ ભેગા મળી જીતેન્દ્ર ભટ્ટ, પીયૂષ અને ડ્રાઈવર રફીકને રંગેહાથ ઝડપી પાડ્યા હતા અને સીધા કડોદરા જી.આઈ.ડી.સી. પોલીસ સ્ટેશન ખાતે લઈ ગયા હતા. આ સંદર્ભે મહેશભાઈ સોજીત્રાની ફરિયાદના આધારે કડોદરા પોલીસે જીતેન્દ્ર ભટ્ટ, પીયૂષ અને ડ્રાઈવર રફીક વિરુદ્ધ ગુનો દાખલ કર્યો છે. આ સમગ્ર મામલે પીએસઆઈ ડી.કે.ચૌધરીએ વધુ તપાસ હાથ ધરી છે.

## ખોપીના આદિવાસી દાવેદારોના વન અધિકાર દાવા પરત કરાયા

**ગુજરાત** પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રી સંદીપ માંગરોલાએ સંબંધિત વહીવટી તંત્ર સમક્ષ રજૂઆત કરી

ભરૂચઃ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રી સંદીપ માંગરોલાએ સાગબારા તાલુકાના ખોપી ગામના 122 દાવેદારના વન અધિકાર અધિનિયમ, 2006 (Forest Rights Act) હેઠળ રજૂ કરવામાં આવેલા દાવાઓ પરત કરવામાં આવ્યા હોવાના મુદ્દે સંબંધિત વહીવટી તંત્ર સમક્ષ રજૂઆત કરી છે.

પ્રાપ્ત દસ્તાવેજો અનુસાર દાવાઓ તથા દાવા રજિસ્ટર પરત કરવામાં આવ્યા હોવાનો મુદ્દો સામે આવ્યો છે. આ સમગ્ર બાબતમાં દાવેદારોના હકોનું રક્ષણ થાય, દરેક દાવાની વ્યક્તિગત રીતે અને યોગ્ય પુરાવાના આધારે તપાસ થાય તથા કોઈ પણ દાવેદારને પ્રક્રિયાત્મક ખામીઓના કારણે ન્યાયથી વંચિત રહેવું ન પડે તે અત્યંત જરૂરી છે. વધુમાં માંગરોલાએ માંગ કરી છે કે સંબંધિત સત્તાધિકારીઓ દ્વારા આ મામલે તાત્કાલિક સમીક્ષા કરવામાં આવે અને દરેક દાવેદારને તેમના દાવામાં દર્શાવવામાં આવેલી ખામી અંગે સ્પષ્ટ લેખિત જાણ કરવામાં આવે. દાવેદારોને જરૂરી દસ્તાવેજો, પુરાવા કે ખુલાસા રજૂ કરવાની પૂરતી તક આપવામાં આવે અને લાગુ કાયદા તથા નિયમો અનુસાર ન્યાયસંગત કાર્યવાહી હાથ ધરવામાં આવે. આ ઉપરાંત ખોપી ગામ તાલુકો સાગબારા, જિલ્લો નર્મદા સાથે સંબંધિત હોવા છતાં દસ્તાવેજોમાં પ્રોજેક્ટ એડમિનિસ્ટ્રેટર, સંકલિત આદિજાતિ વિકાસ યોજના, માંડવી, સુરતની કચેરીનો ઉલ્લેખ હોવાથી આ મામલે સક્ષમ સત્તાધિકારી અને અધિકારક્ષેત્ર અંગે પણ સ્પષ્ટતા કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિએ સંબંધિત જિલ્લા કલેક્ટરો અને આદિજાતિ વિકાસ વિભાગને અપીલ કરી છે કે આદિવાસી પરિવારોના હિતને ધ્યાનમાં રાખીને સમગ્ર મામલાની નિષ્પક્ષ તપાસ કરવામાં આવે, પરત કરાયેલા દાવાઓની કાયદેસર પ્રક્રિયા મુજબ પુનઃતપાસ કરવામાં આવે અને પાત્ર દાવેદારોને તેમના હકો મળે તે માટે સમયબદ્ધ કાર્યવાહી કરવામાં આવે.

## 'મારી ઉપર મર્ડરના ૩ કેસ છે, ચપ્પુ ઘાલી દઈશ': યુવકને ધમકી

**બારડોલીમાં** સામાન્ય મોપેડ અથડામણમાં ભરવાડ યુવકને ચપ્પુ મારવાની ધમકી

બારડોલીઃ બારડોલી આરટીઓ કચેરી પાછળ ભરવાડ વસાહતમાં રહેતો પશુપાલક રાજુ ઉર્ફે કાના દેવા ભરવાડ નિત્યક્રમ મુજબ સવારે પોતાના ઢોર ચારવા લઈ ગયો હતો. ધામડોદ રેલવે ફાટક નજીક આવેલી શિરડીધામ સોસાયટી પાસેની ખુલ્લી જમીનમાં તેના ઢોર ચરી રહ્યા હતા. આ સમયે પોતે પોતાની મોટરસાઈકલ ઉપર સવાર હતો તેવા સમયે તેની મોટરસાઈકલ અન્ય એક મોપેડ સાથે અથડાઈ હતી.

રસ્તામાં ટ્રાફિક હોય મોપેડ ચાલકને શાંતિથી વહન ચલાવવાની ટકોર કરતાં ઉશ્કેરાયેલા મોપેડ ચાલકનું નામ પારસ રાજુ ઈસનપરા જણાયું હતું, તેણે અચાનક પોતાની મોપેડની ડિકીમાંથી ચપ્પુ કાઢી ભરવાડ રાજુને ગુસ્સામાં જણાવ્યું હતું કે, 'મને ઓળખે છે? આ ચપ્પુ ઘાલી દઈશ. જેટલાને બોલાવવા હોય તેટલા ને બોલાવ. મારી ઉપર મર્ડરના 3 કેસ છે.' વાત બગડે નહીં સમજી ભરવાડ શાંત રહ્યો હતો. પોતે ધમકી આપનારને પૂરું ઓળખતો ન હોવાથી તેણે બીજા દિવસે કરેલી તપાસ દરમિયાન ધમકી આપનાર પારસ ઈસનપરા પોતે અસ્તાન ગામે સિદ્ધિ કોમ્પ્લેક્સમાં ચા અને પાણબીડીની દુકાન ચલાવતો હોવાનું જાણ્યું હતું. પોતાના પરિવારને હકીકત જણાવ્યા બાદ ભરવાડ રાજુ ઉર્ફે કાનાએ બારડોલી પોલીસ મથકમાં ફરિયાદ આપતાં કાર્યવાહી આદરી છે.


**નામ બદલેલ છે**

હું દિપ્તીબેન હરેશભાઈ પટેલ, ઉ. વર્ષ ૫૪, અંકલેશ્વર આ સાથે જણાવવાનું કે મારા પતિનું નામ હરેશભાઈ દોલતરાય પટેલ છે, પણ મારા પાસપોર્ટ માં હરેશકુમાર દોલતભાઈ પટેલ છે પરંતુ સાચુ નામ આધાર કાર્ડ અને પાન કાર્ડ પ્રમાણે હરેશભાઈ દોલતરાય પટેલ છે જે આ સાથે જાણ માટે પ્રસિધ્ધ કરૂં છું જેની સૌએ નોંધ લેવી.

સહી/- દિપ્તીબેન હરેશભાઈ પટેલ
સરનામું:- પીએલ-એચ-૪૦૨૨, કોલોની જીઆઈડીસી, અંકલેશ્વર -૩૯૩૦૦૧, જી. ભરૂચ, ગુજરાત

**નામ બદલવા અંગેની જાહેરાત**

હું, સોલંકી હિતેન્દ્રકુમાર, એસ/ઓ બળદેવભાઈ, રહે. કામરેજ, સુરત, ગુજરાત - ૩૯૪૧૮૦, મારું નામ બદલીને હિતેન્દ્રભાઈ બળદેવભાઈ સોલંકી રાખેલ છે. હવેથી હું તમામ હેતુઓ માટે હિતેન્દ્રભાઈ બળદેવભાઈ સોલંકી તરીકે ઓળખાઈશ.

Milano MULTIPLEX
બારડોલી
Rajni The Jailer 2
10:00am, 01:00pm, 04:00pm, 07:00pm, 10:00pm
Udta Teer - 12:00pm, 03:00pm, 06:00pm, 09:30pm
Pahla Pyaar Doosri Baar
11:00am
Damru-Gujarati-
02:00pm, 09:00pm
418 - 05:00pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333

**મહેરબાન કઠોરનાં એડિ.ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં**

પરચુરણ અરજી નં. ૧૮૭૦/૨૦૨૬

અરજદાર : સમીર અરવિંદકુમાર મોદી
વકીલ શ્રી એ. એમ. પરમાર, એ.ડી.ઠક્કર.
વિરૂધ્ધ
સામાવાળા: તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી વાવ, તા.કામરેજ, જી.સુરત.

આ કામના અરજદારે અત્રેની કોર્ટમાં અરજદાર નામે સમીર અરવિંદકુમાર મોદીનો જન્મ તા.૧૬/૦૬/૧૯૭૮ ના રોજ મુ.પો.વાવ, તા. કામરેજ, જી.સુરત મુકામે જન્મ થયેલ છે. અને જે અંગે જન્મ નોંધણી કરાવવાની રહી ગયેલી જે અંગે કોર્ટમાં હુકમ મેળવવા માટેની અત્રેની કોર્ટમાં અરજી કરી છે. જેની મુદત તા.૨૬/૧૧/૨૦૨૬ ના રોજ મુકરર કરવામાં આવેલ છે. આથી જો કોઈ વ્યક્તિને સદરહું અરજી સામે કોઈપણ પ્રકારનો વાંધો વિરોધ હોય તો પોતે અથવા વકીલ મારફત હાજર રહેવું જો તેમ કરવામાં કસુર કરશો તો અરજદારની અરજી અંગે યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.

આજરોજ તા.૨૩ મી માહે ઓક્ટોમ્બર સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

તૈયાર કરનાર (એમ.એમ. સુરતી) આસી. સીવીલ કોર્ટ કઠોર — કોર્ટનો સિક્કો — મુકાબલ કરનાર (આઈ.ઓ. બીલખીયા) સુપ્રિ. સીવીલ કોર્ટ કઠોર — હુકમથીશ્રી (જે.એન.પટેલ) રજી. સીવીલ કોર્ટ કઠોર

**::- જાહેર નોટીસ -::**

આથી જાહેર જનતાને જણાવવાનું કે સુરત ડીસ્ટ્રીક્ટ ઓલપાડ સબ ડી.ના મોજે ગામ બોલાવ ના બ્લોક નંબર ૨૮૨, ખાતા નંબર ૪૫૬, જેનું ક્ષેત્રફળ ૦-૪૬-૫૪ ચો.મી. વાળી ખેતીની જમીન કિશનસિંહ ચન્દ્રસિંહ રહે.:- મોટુ ફળીયુ, બોલાવ, તા. ઓલપાડ, જી.સુરત ના ની માલિકીની તથા પ્રત્યક્ષ કબજા ભોગવટાની ચાલી આવેલી હોવાનું જણાવી હમારા અસીલ ને વેચાણ આપવાનું નક્કી કરેલ છે. અને ટુંક સમયમાં મારા અસીલ સદર જમીન નો પાકો વેચાણ દસ્તાવેજ કરાવી લેનાર છે. જેથી ઉપર જણાવેલ જમીન માં અન્ય કોઈના કોઈપણ પ્રકારના લાગભાગ, દરદાવો, હકક-હીસ્સો, હીત-સંબધ યા લિયનના હકકો યા અન્ય કોઈના રસ્તા વપરાશના ઈઝમેન્ટના હકકો યા બેંક-મંડળી, સંસ્થા, વિગેરેના બોજા, ચાર્જ, લેણું હોય યા વેચાણ વિરુધ્ધ કોઈને વાંધો હોય તો તેમણે લેખિત પુરાવા સહીત આ નોટીશ પ્રસિધ્ધિથી દિન-૭ માં હમો ને નીચેનાં સરનામે લેખિતમાં જાણ કરવી. જો મજકુર મુદતમાં તેવાં કોઈ હકક, વાંધા રજૂ થશે નહી તો કોઈના હકક દાવા વિગેરે નથી, અને હોય તો તે છોડી દીધા છે, યાને જતા કર્યા છે, તેવું માની મારા અસીલ સદર જમીનનો પાકો રજી. વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. ત્યારબાદ ભવિષ્યમાં કોઈના કોઈપણ વાંધા કે તર-તકરાર ચાલશે નહી. જેની નોંધ લેશો.

યોગેન્દ્રસિંહ પી. ખેર- કપિલ ડી. પટેલ તે ખરીદનારના એડવોકેટ

ઓફીસ. : ૨૨૭, સાંઈરામ કોમ્પલેક્ષ, સાધના હોસ્પીટલ સામે, કીમ, તા.ઓલપાડ, જી.સુરત. પીન. ૩૯૪ ૧૧૦ ફોન નં. (મો.) ૯૭૨૭૪૩૦૯૩૩, ૯૦૧૬૫૪૩૬૬૪